GJSK040043612023

**R.C.S. NO. 50-2023**

**–:: આંક–૫ ની અરજી લગત હુકમ ::–**

(૧) અરજી વંચાણે લીધી. વાદી તથા પ્રતિવાદી તરફે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. વાદીના તથા પ્રતિવાદીના વિ. વકીલશ્રીને શાભણ્યા. વાદીના વિ. વકીલશ્રીએ તેમની દાવા અરજી મુજબની દલીલો કરેલ છે. જયારે પ્રતિવાદી ના વિ. વકીલશ્રીએ તેમના લેખીત જવાબ મુજબની દલીલો કરેલ છે. જે ધ્યાને લીધી.

(૨) **વાદીના દાવાની અને હાલની અરજીની ટુકમાં હકિકત એવી છે કે,**

વાદીએ સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ગામ નેત્રામલીની સીમના બ્લોક નં. ૫૦૬ ની જમીન તા.૨૯/૦૪/૨૦૦૨ ના રોજબીન ખેતીની થયેલ તેમાં પાડવામાં આવેલ રહેણકાના પ્લોટ પૈકી પ્લોટ નં.૧૨ જેનુ ક્ષેત્રફળ ૦–૦૨–૧૮ ચોમી. વાળી જમીન રાજુભાઈ પ્રકાશભાઈ સગર રહે. ઈડર પાસે થી રૂા.૫,૦૦૦૦/–માં તા. ૧૭/૦૬/૨૦૧૧ ના રોજ વેચાણ રાખેલ છે.જેની ફેરફાર નોંધ નં. ૬૩૯૨ ની તા. ૨૭/૦૧/૨૦૧૨ ના રોજ પડેલ છે.

(૨.૧) વાદીએ બાંધકામ કરવા માટે નેત્રામલી ગમના દફતરે આંકરણી કરવા અને બાંધકામની રજાચિઠી મેળવવા અરજી કરતા પંચાયત દવારા ઠરાવ નં. ૩/૪ થી વાદીને એવુ જણાવેલ કે પ્રતિવાદી નં.૧ નાએ આકારણી ચઢાવેલ હોય પંચાયત દાવરા આંકરણી કરેલ નહી. જે ઠરાવ તા. ૨૯/૦૫/૨૦૨૩ નો છે. જેથી વાદીએ સબરજીસ્ટ્રાર કચેરીમાં તપાસ કરતા તેમને જાણવા મળેલ કે આ કામના પ્રતિવાદી નં.૧ નાએ પોતાની માતા દીવાબેન અમૃતભાઈ પટેલનુ નામ કમી કરાવી તેમજ વારસાઈ થી મળેલ છે તે મુજબની ખોટી હેસીયત બદઈરાદે કરી પોતાનુ નામ દાખલ કરાવી અન્ય વ્યકિત છેતરાય તે રીતે નામ દાખલ કરી પ્ર

તિવાદી નં.૧ નાએ અગાઉ વેચાણ થયેલ હોવાનુ જાણતા હોવા છતા પ્રતિવાદી નં.૧ ના દાવાવાળો પ્લોટ તા.૦૪/૧૨/૨૦૧૯ થી ગેરકયાદેસર પ્રતિવાદી નં.૨ ને વેચાણ કરી નાખેલ છે.

(૨.૨) વાદીએ તા.૧૧/૦૯/૨૦૨૩ ના રોજ જમીન પચાવી પાડવાના અધિનિયમ હેઠળ ઓનલાઈન અરજી કરેલ છે.

(૨.૩) વાદીએ હાલના દાવાામાં દાદમાં પ્રતિવાદી નં.નાએ પ્રતિવાદી નં.૨ ને કરી આપેલ તા. ૪/૧૨/૨૦૧૯ નો વેચાણ દસ્તાવેજ રદ કરવાની દાદ માંગેલ છે. તેમજ તેને લગતી રેવન્યુ રેકડમાં નોંધ કરવાની ડારેકશનની દાદ માંગેલ છે.

વાદીએ હાલની અરજીમાં દાદાવાળી મિલ્કત ને પ્રતિવાદી નં.૨ કોઈ ફેરફાર કરે નહી કોઈ પણ રીતે કોઈ તબદીલ કરે કરાવે નહી કે વેચાણ ગીરો કે બક્ષિસ કરે કરાવે નહી કે કોઈ તારણ કે બોજામાં મુકે નહી તેવો દાવાના આખરી નિકાલ સુધી મનાઈ હુકમ માંગેલ છે.

(૩) આ કામે પ્રતિવાદી ને દાવાનો અને વચગાળાની મનાઈ હુકમની અરજીનો સમન્સ નોટીસ બજતા તેઓના વિ. વકીલશ્રી મારફતે હાજર થયેલ છે. અને આંક–૧૩ થી લેખીત જવાબ રજુ કરેલ છે.જેમાં તેમણે વાદીના દાવાની હકિકતોનો ઈન્કાર કરેલ છે તેમજ જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૧ તથા તેમના માતાશ્રીએ દાવાવાળી જમીનમાં ૨૦પ્લોટ એન.એ. કરી પડેલા. જે પૈકી પ્લોટ નં .૧૨ પ્રતિવાદી નં.૧ ના તેમજ અમારા માત્રુશ્રીના નામે ચાલે છે. પ્રતિવાદી નં.૧ અને તેમના માતાએ આ કામના વાદીને વેચાણ આપનાર રાજુભાઈ પ્ર કાશભાઈ સગરને પ્લોટ નં.૧૨ વેચાણ આપેલ હોય તેવુ બનેલ નથી. આવો કોઈ દસ્તાવેજ સગર રાજુભાઈ પ્રકાશભાઈને બનાવી આપેલ નથી. રાજુભાઈ પ્રકાશભાઈ સગર અમારી મિલ્કત વેચાણ કરવા હકદાર ન હતા. તેમનુ નામ કેવી રીતે દાખલ થયેલ અને કયા હકકે વાદીને વેચાણ દસ્તાવેજ કરી આપેલ. તેવો કોઈ ઉલ્લેખ વેચાણ દસ્તાવેજમાં નથી. વાદીએ નેત્રમાલી પંચાયતમાં અરજી કરતા પ્રતિવાદીને આ વેચાણ દસ્તાવેજની જાણ થયેલ છે.

વાદીએ હલાના દાવામાં રાજુભાઈ પ્રકાશભાઈ સગર ને દાવામાં પક્ષકાર તરીકે જોડેલ નથી. પ્રતિવાદી સાચા માલીક હોય પ્રતિવાદીનં.ર ને દાવાવાળી મિલ્કતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. પ્રતિવાદી નં.ર એ સ્થળ પર નાનુ મોટુ બાંધકામ કરેલ છે. વાદીના દસ્તાવેજની રેવનયુ રેકડમાં અસર થયેલ નથી. આજદીન સુધી રેવન્યુ રેકડ અમો પ્રતિવાદીના નામે ચાલતુ આવે છે. વાદીનો દાવો નામંજર કરવા અરજ છે.

(૪) સદરહુ ઉપરોકત આંક–૫ વાળી મનાઈ અરજીના નિર્ણય સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ શું વાદી નો પ્રથમ દર્શનીય કેસ પુરવાર થાય છે ?

મુદ્દા નં.ર શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે

મુદ્દા નં.૩. શું વાદીની માંગણી મુજબ મનાઈ હુકમ આપવામા ના આવે તો,વાદીને નાણામા ભરપાઈ ના થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે ?

મુદ્દા નં.૪. શુ હુકમ?

(૫) ઉપરોકત મુદ્દાના જવાબો અને કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ હકારમાં,

મુદ્દા નં.ર હકારમાં,

મુદ્દા નં.૩. હકારમાં,

મુદ્દા નં.૪. આખરી હુકમ મુજબ.

<u>નિર્ણય માટેના કારણો</u>

<u>મુદ્દા નં.૧ થી ૩.</u>

(૬) આ કામે વાદીએ રજુ કરેલ નિ.શાની. ૩/૧ નો વેચાણ દસ્તાવેજ ધ્યાને લેતા તેમાં વેચાણ આપનાર રાજુભાઈ પ્રકાશભાઈ સગર છે. તેના પાના નં. ૫ પર એવો ઉલ્લેખ છે કે ''આ જમીન દ. નં. ૮૧૪ તા. ૧૪/૦૩/૨૦૦૮ થી હમોએ ખરીદ

કરેલ છે.'' આ કામે વાદીએ રજુ કરેલ નિ.૩/૨ ની ફેરફાર નોંધ નં. ૬૩૯૨ ધ્યાન લેતા વેચાણ દસ્તાવેજના આધારે દાવાવાળી જમીન અંગે વાદીની તરફેણમાં તા. ૨૭/૦૧/૨૦૧૨ ના રોજ નોંધ પ્રમાણીત થયેલ છે. નિ.૩/૪ નો વેચાણ દસ્તાવેજ ધ્યાને લેતા પ્રતિવાદી નં. ૧ નાએ દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૨ ને ૪/૧૨/૨૦૧૯ ના વેચાણ દસ્તાવેજ થી વેચાણ આપેલ છે. તેમાં પાના નં.૩ પર એવુ જણાવેલ છે કે, '' પટેલ દિવાબેન અમૃતભાઈ એ બીન ખેતી કરાવેલા છે અને તેઓના કુ.મુ. તરીકે એ અગાઉ કેટલાક બીનખેતી પ્લોટ વેચાણ કરેલ છે.'' પ્રતિવાદીએ રજુ કરેલ નિ.૧૪/૧ ની દાવાવાળી જમીનની આંકરણી ધ્યાને લેતા તે પ્રતિવાદી નં.૨ ના નામે ચાલે છે. પ્રતિવાદીએ રજુ કરેલા ૧૪/૪ નો નેત્રામલી ગૃપ ગ્રામ પંચાયતનો દાખલો ધ્યાને લેતા દાવાવાળી મિલ્કત સને ૨૦૦૨ થી ૨૦૧૮ સુધી આંકરણી પત્રકમાં પ્રતિવાદી નં.૧ ના માતા તથા પ્રતિવાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૨ ના નામે ક્રમસ ચાલતી હોવાનો તે દાખલો છે. વાદીએ રજુ કરેલ નિ.૧૮/૧ થી પટેલ દિવાળી બેન અમૃતલાલ નાઓએ સગર પ્રકાશકુમાર જેઠાભાઈ તથા ગાંધી કાન્તીલાલ ડાહ્યાલાલ ની તરફેણમાં કરેલ તા.૧૧/૧૨/૨૦૦૦નો પાવરઓફ એટની છે. જે દાવાવાળી જમીન બીન ખેતી કરવા તથા પ્લોટ વેચાણ કરવા અંગેનો છે. નિ.૧૮/૨ ની સબ રજીસ્ટરની કચેરીમાં સર્ચનો રીપોટ દયાને લેતા દાવાવાવાળી જમીન કાં તીલાલ ડાહ્યાભાઈ ગાંધી તે દિવાબેન અમૃતલાલ પટેલના કુ.મુ તરીકે પ્રકાશ જેઠાભાઈ સગર તે દિવાબેન અમૃતલાલ પટેલના કુલમુખત્ગાર તરીકે તેમણે સગર રાજુભાઈ પ્રકાશભાઈને તા. ૧૪/૦૩/૨૦૦૮ ના રોજ દાવાવાળી જમીન દસ્તાવેજ નં.૮૧૪ થી વેચાણ કરેલાનો સર્ચ રીપોટ આવેલ હોવાનુ જણાય છે. આમ દાવાવાળી જમીન એક વાર વેચાણ થય ગયેલ હોવા છતા પ્રતિવાદી નં.૧ નાએ ફરીથી તે વેચાણ કરેલ હોવાનુ જણાય છે. આમ વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનુ જણાય છે. તેમજ વાદીના હકક હિસ્સા અં ગે બેલેન્સ હોફ કન્વીનીયનસ વાદીની તરફેણ માં હોવાનુ જણાય છે.અને મનાઈ

આપવામાં ન આવે તો વાદીના હકક હિસ્સા અંગે વાદીને  નાણા માં ન માપી શકાય તેવુ નુકશાન થતુ હોવાનુ જણાય છે. જેથી મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ હકારમાં આવે છે. અને મુદ્દા નં. ૪ પ્રત્યે નીચે મુજબનો હુકમ કરાવમાં આવે છે.

**–:હુકમ:–**

(૧)વાદીના લાભમાં અને પ્રતિવાદીની વિરુઘ્ધમાં પ્રતિવાદી નં. ૨ ને એવો વચગાળાનો મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે કે આ દાવાના આખરી નિકાલ સુધી  નિ.૩/૩  તથા નિ.૧૪/૫ થી રજુ કરેલ દસ્તાવેજ વાળી દાવા વાળી જમીન પ્રતિવાદી નં.૨ નાએ કોઈ ફેરફાર કરે નહી કોઈ પણ રીતે કોઈ તબદીલ કરે કરાવે નહી કે વેચાણ ગીરો કે બક્ષિસ કરે કરાવે નહી કે કોઈ તારણ કે બોજામાં મુકે નહી તેવો દાવાના આખરી નિકલા સુધી મનાઈ આપવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તા. ૧૦ મી, માહે– ફેબ્રુઆરી, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૦/૦૨/૨૦૨૫
ઈડર

(રોહિત જીવણભાઈ પરમાર )
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
ઈડર, જી. સાબરકાંઠા
**જજ કોડ નં જી જે ૧૦૦૩**

**SELF**